## ધાનેરામાં ગંદકી અને ગટરોના ઉભરાતા પાણીથી લોકો ત્રાહિમામ



સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાનની મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે .પરંતુ આ જ સ્વચ્છ ભારત અભિયાનના ધાનેરામાં ધજાગરા ઉડતા હોય તેમ લાગી રહ્યું છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરામાં જ્યાં જુઓ ત્યાં ગટરો ઉભરાતી જોવા મળે છે .તેમજ ગંદકીના થર જોવા મળી રહ્યા છે. ઉભરાતી ગટરોને અને ગંદકીને લઈ સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. ત્યારે આજે લોકો ગટરનું ગંદુ પાણી ડોલમાં ભરી નગરપાલિકા ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા .પરંતુ ધાનેરા નગરપાલિકા ખાતે ચીફ ઓફિસર પ્રમુખ ઉપપ્રમુખ તમામ સત્તાધીશોની ખુરશીઓ ખાલી જોવા મળી હતી.એક પણ અધિકારી કે સત્તાધિશ હાજર જોવા મળ્યા ના હતા. માત્ર અને માત્ર હાજર જોવા મળ્યા તો ત્રણ ચાર કર્મચારીઓ બાકી જાણે આખી નગરપાલિકા રામ ભરોસે ચાલી રહ્યું હોય તેમ લાગી રહ્યું હતું. સમગ્ર બાબતને લઈને ધાનેરા નગરપાલિકા પ્રમુખ કમળાબેન સંપર્ક કરતા તેમને જણાવ્યું હતુ કે, હું કામમાં છું બપોર પછી ઓફિસે આવીશ તેમ કહી ફોન મૂકી દીધો હતો. ત્યારે રોસે ભરાયેલા લોકોએ જણાવ્યું હતુ કે, અમારે રજૂઆત કરવી તો કરવી જ ક્યાં ?છેલ્લા ઘણા સમયથી ધાનેરા નગરપાલિકામાં ગંદી રાજનીતિના કારણે ધાનેરાનો વિકાસ રૂંધાયો છે. માટે ધાનેરાના લોકોની માંગ છે કે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા ધાનેરા નગરપાલિકા પર ધ્યાન આપવામાં આવે અને ધાનેરાના લોકોની પડતી મુશ્કેલીઓ દૂર કરાવે તેમજ ધાનેરાને સ્વચ્છ બનાવે તેવી લોકોમાં કરી રહ્યા છે.

## નડેશ્વરી યુવક મંડળ દ્વારા લવારા ગામે રણુજા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ...




રાજસ્થાનમાં યાત્રાધામ રણુજા આવેલું છે. જ્યાં બાબા રામદેવપીર બિરાજમાન છે .ભાદરવા મહિના તેમજ શ્રાવણ મહિનામાં ગુજરાતમાંથી લાખોની સંખ્યામાં ભક્તો પગપાળા કરી બાબાના ધામમાં પહોંચે છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ત્યારે આ ભક્તોને રસ્તામાં કોઈ તકલીફ ન પડે તેમજ સુવિધા મળી રહે તે માટે વિવિધ સેવાભાવી લોકો દ્વારા સેવાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. ત્યારે આજે નડેશ્વરી યુવક મંડળ ધાનેરા દ્વારા ધાનેરા તાલુકાના લવારા ગામે બાબા રામદેવપીર સેવા કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં રણુજા પગપાળા જતા પદયાત્રીઓને ચા નાસ્તો જમવાનું તેમજ રહેવાનું સહીત દવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. શ્રાવણ મહિનામાં શરૂ કરેલો સેવા કેમ્પ સતત એક મહિના સુધી કાર્યરત રહે છે. અને એક મહિના સુધી લાખો ભક્તોને સેવા કરી ધન્યતા અનુભવે છે.

## મોડાસાના માર્ગો પર ૧૧૧ ફૂટના રાષ્ટ્રધ્વજને ઠેર ઠેર સલામી



અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સરકારી એન્જીનીયરીંગ કોલેજ અને આઈટીઆઈના વિદ્યાર્થીઓએ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા ત્રિરંગા યાત્રા યોજી હતી ત્રિરંગા યાત્રામાં ૧૧૧ ફૂટના ત્રિરંગા સહીત નાના-મોટા ત્રિરંગા સાથે શહેરના ચાર રસ્તા ટાઉનહોલથી નીકળેલ ત્રિરંગા યાત્રાથી મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાયું હતું. ભારત રાષ્ટ્રના ૭૫ વર્ષના આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે મોડાસામાં સરકારી એન્જિનિયરિંગ કોલેજ તેમજ આઇ.ટી.આઇ ના ૫૦૦ થી વધુ વિધાર્થીઓ દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાં ત્રિરંગા યાત્રા યોજવામાં આવી હતી. જેમાં ૧૧૧ ફૂટ લંબાઈ ધરાવાત ત્રિરંગા સાથે નીકળેલી યાત્રામાં ત્રિરંગા યાત્રા દરમિયાન દેશ ભક્તોએ પુષ્પવર્ષા કરી સ્વાગત કરી સલામી આપી હતી.૧૧૧ ફૂટ નો રાષ્ટ્રીય ધ્વજ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું.આગામી ૧૫ ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વ પર હર ઘર ત્રિરંગા સાથે વિધાર્થીઓએ ભારત માતાકી જય,વંદેમાતરમ જેવા સૂત્રોચ્ચાર કરતા શહેરમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો.એન્જિનિયરિંગ કોલેજ તેમજ આઇ.ટી.આઇના વિધાર્થીઓએ હાથમાં નાના મોટો ત્રિરંગો રાખી ત્રિરંગા યાત્રાને સફળ બનાવી હતી.વિધાર્થીઓ એ ત્રિરંગા યાત્રા દરમ્યાન ટાઉન પોલીસ દ્વારા સહયોગ મળતા આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલનપુર નગરપાલિકાના જનરલ બોર્ડમાં મહિલા સભ્યના પતિ અને બીજા સભ્ય વચ્ચે ભ્રષ્ટાચારની ઓડિયો ક્લિપ મામલે વિપક્ષે બોર્ડની બેઠકમાં મૌન ધારણ કરતા બોર્ડમાં આશ્ચર્ય...



પાલનપુર નગરપાલિકાના સભાખંડ ખાતે નગરપાલિકા ની સાધારણ સભા ની બેઠક નગરપાલિકા પ્રમુખ શ્રીમતી હેતલ રાવલના અધ્યક્ષ સ્થાનેયોજાઇ હતી. જેમાં શહેર ના વિવિધ કામો માટે સર્વાનુમતે બહાલી આપવા મા આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, નગરપાલિકા મા પ્રથમ વાર બેઠક શાંતિપૂર્ણ રહી હતી. વિપક્ષ દ્વારા માલણ દરવાજા નજીક ડમ્પીંગ સાઈડ નો કચરો હટાવવા માટે જે એજન્સી ને ટેન્ડર આપવામાં આવ્યું છે તે એજન્સી ને બ્લેક લિસ્ટ



કરવાની માંગ કરી હતી. જોકે મહત્વ ની વાત એ છે કે પાલિકા ના સતા પક્ષના નગરસેવકો નો ટકાવારી મામલે ઓડિયો વાયરલ થયો હતો તેમાં દરેક લોકોની નજર વિપક્ષ પર હતી કે વિપક્ષ આ મામલે કંઈક રજુઆત કરશે પરંતુ વિપક્ષ દ્વારા સમગ્ર મામલે ચુપકીદી સેવી દેતા સતાપક્ષના નગરસેવકો ગેલમાં આવી ગયા હતા. અને નગરપાલિકા મા વિપક્ષ દ્વારા તમામ કામો મા બહાલી આપતાં સાધારણ સભા શાંતિપૂર્ણ માહોલ મા સંપન્ન થઇ હતી. નગરપાલિકા બોર્ડના બે દિવસ અગાઉ પાલનપુર નગરપાલિકાના મહિલા સભ્યજાગૃતિ મહેતા અને વિપુલ મહેતા,( ભૂરી )અને સાગર માળી વચ્ચે થયેલી વાતચીતનો ઓડિયો વાયરલ થતાં અંગે બોર્ડમાં વિપક્ષ કોંગ્રેસ દેખાવો કરવા કાળા કપડા પહેરીને બોર્ડમાં તેના તમામ સભ્યો હાજર હતા. જોગા નું જોગ બોર્ડના દિવસે પાલિકાના ચીફ ઓફિસર ગૌરાંગ પટેલ પણ બ્લેક કપડા કાળો શર્ટ પહેરીને બોર્ડમાં જોવા મળ્યા હતા.

# અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ તમે મામલો દબાવ્યો તો નથી ને, જિલ્લાની પ્રજા તેનો જવાબ માગે છે

## અરવલ્લી આરોગ્ય વિભાગમાં ભ્રષ્ટાચારની ફરિયાદ પછી તપાસ કેમ લટકી પડી..??

ગાંધીનગર, તા.૦૩

અરવલ્લી જિલ્લાના આરોગ્ય વિભાગના મુખ્ય અધિકારી સામે જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણે ગત માર્ચ મહિનામાં ફરિયાદ કર્યા પછી ૫ સભ્યોની કમીટીએ તપાસ કર્યાના ૫ મહિના પછી પણ તેમાં શું ખોટું થયું..?? તેની વિગતો બહાર ન આવતાં જિલ્લાની પ્રજા આ મામલે બધું દબાવી દેવામાં નથી આવ્યું ને તેની તપાસ ઈચ્છે છે અને આ અંગે મુખ્ય મંત્રી તેમજ પ્રદેશ પ્રમુખને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ સહિતની વિગતો મોકલ્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

અરવલ્લી જિલ્લા પંચાયતમાં પણ એક હથ્થું શાસન ચાલતું હોવાના લોક આરોપ સાંભળવા મળ્યા છે. જ્યારે મોટાભાગની સમિતિઓમાં પણ ચેરમેનની નાખુશી ગમે ત્યારે જવાળામુખી બનીને ભડકો થાય તેવી દહેશત છે ત્યારે જિલ્લા પંચાયતની એક સમિતિના ચેરમેને કર્મચારીઓની ભરતીમાં પણ અમારૂ કોઈ સાંભળતું નથી અને સંગઠનના એક મુખીયાના ઈશારે કામગીરી થતી હોવાનો બડાપો જાહેરમાં વ્યક્ત કરતાં આ મામલો પણ ગરમાયો છે. ત્યારે અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા ગત માર્ચ મહિનામાં ૨ પાનાનો પત્ર લખી આરોગ્ય વિભાગમાં આદરવામાં આવેલા ભ્રષ્ટાચારની તપાસની માંગણી કરી હતી. ત્યારબાદ ૨૬ એપ્રિલના રોજ ગાંધીનગરથી તપાસ ટીમો આવીને બંધ બારણે લાંબા સમય સુધી તપાસ કરી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા ફરિયાદ કરાયા પછી ૫ મહિના પછી તેમાં કોઈ ભ્રષ્ટાચાર હતો કે કેમ તે આજદિન સુધી બહાર આવ્યો નથી તો પછી આ મામલો કોઈના ઈશારે દબાવી દીધો તો નથી ને તેની ચર્ચાઓ પણ જિલ્લા પંચાયત ભવનમાં જોરશોરથી શરૂ થઈ ગઈ છે. જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ હિંમતસિંહ ચૌહાઅ પોતાની ચેમ્બરમાં માત્ર તેમની પાસે બેઠકમાં શોભે તેવા વ્યક્તિઓ સાથે જ વાર્તાલાપ કરતા હોય છે તેવો ગણગણાટ શરૂ થયો છે ત્યારે આમ આદમી પોતાની રજૂઆતો લઈને હવે ક્યાં જાય..?? તે પણ હવે પ્રદેશ નેતાગીરીએ ઝડપથી વિચારવું પડશે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનમાં સાચા કાર્યકર્તાઓની ફરિયાદને કચરાપેટીમાં નાખીને તેમના ખાસ કહેવાતા જીહજૂરીયાઓની જ ફરિયાદો સાંભળવામાં આવે છે જેના કારણે અનેક સક્રીય કાર્યકરો વિધાનસભા ચૂંટણી અગાઉ નિષ્ક્રિય થઈ જાય તેવો ભય પણ પક્ષની શિર્ષસ્થ નેતાગીરીને સતાવી શકે છે. અત્યારે તો જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા સંગઠન પ્રમુખ હવે એક સાથે તેમના વિરોધીઓને ખતમ કરવા માટે મેદાનમાં ઉતરતાં હવે શું થશે..?? તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે. જિલ્લા પંચાયત પ્રમુખ જેવા જવાબદાર હોદ્દેદારે આરોગ્ય વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચાર અને કર્મચારીઓની નિમણૂંકમાં ગેરરીતી જેવી ફરિયાદ કરીને એકાએક પ્રજાના દિલમાં હીરો બનવાનો પ્રયાસ તો કર્યો પરંતુ પછી તપાસમાં શું ઉકાળ્યું તે પણ પ્રજા હવે જાણવા માગે છે કે પછી આ મામલામાં કોઈની દુખતી નસતો દબાવવાનો પ્રયાસ તો નથી થયો ને..??

### ભિલોડા તાલુકામાં અનેક ગ્રાન્ટ કૌભાંડ બહાર આવવાની સંભાવના

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખના માદરે વતન ભિલોડા તાલુકામાં ટ્રાયબલ તેમજ અન્ય વિભાગની ગ્રાન્ટોનાં અનહદ કૌભાંડ પાછલા કેટલાક વર્ષોથી આચરાતાં હોવાની ફરિયાદો હવે ધીરે ધીરે બહાર આવી રહી છે. પ્રદેશ કક્ષાએથી ભિલોડા તાલુકામાં થયેલા વિકાસ કામો અને જે પ્રમાણે એમ.બી. બનાવવામાં આવી છે તે પ્રકારે કામો થયા છે કે કેમ..?? તેની તપાસ થાય તો ટનાટન થઈને ફરતા અનેક લોક પ્રતિનિધિઓની પોલ ટૂંકમાં જ ખૂલી જાય તેવી સંભાવના વધી છે.

### આકરૂન્દ હાઈસ્કુલમાં ૧૪૦૦ બાળકોને તિથિ ભોજન અપાયું

## શ્રાવણી અમાસે ક્વોરી ઉદ્યોગપતિ પરિવાર દ્વારા ભોજન અપાતાં સન્માન કરાયું





બાયડ (બ્યુરોઓફીસ), તા.૦૩

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં શ્રાવણિયા સોમવાર નિમિત્તે જાણીતા ક્વોરી ઉદ્યોગપતિ જ્યંતિભાઈ પટેલ(વડાગામ), આકરૂન્દના વતની અને હાલ વડાગામને કર્મભૂમિ બનાવનાર નિવૃત્ત ઈજનેર વિનોદભાઈ બાબુભાઈ પટેલ પરિવાર દ્વારા આકરૂન્દ હાઈસ્કુલ સહિત ગામના શૈક્ષણિક સંકુલોમાં અભ્યાસ કરતા ૧૪૦૦ થી વધુ બાળકોને શ્રાવણિયા સોમવાર નિમિત્તે તિથિ ભોજન આપીને પવિત્ર શ્રાવણ માસ પ્રત્યેની આસ્થા પ્રગટ કરી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર આકરૂન્દ પંથકના ક્વોરી ઉદ્યોગકારો દ્વારા દર વર્ષે શૈક્ષણિક સંસ્થાઓમાં તિથિ ભોજન સહિત અનેક પ્રકારની સુવિધાઓમાં આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આકરૂન્દ હાઈસ્કુલમાં શ્રાવણ મહિના દરમ્યાન ખાસ કરીને જ્યંતિભાઈ પટેલ પરિવાર દ્વારા તિથિ ભોજન આપવામાં આવે છે. તા.૧ ઑગષ્ટના રોજ શ્રાવણિયા સોમવારના દિવસે પટેલ પરિવાર દ્વારા બાળકોને મોહનથાળ સહિત પાકું ભોજન અપાતાં આકરૂન્દ હાઈસ્કુલમાં આકરૂન્દ સરકારી પ્રા.શાળા, આંગણવાડી કેન્દ્રો, નવાનગર પ્રા.શાળા તેમજ આકરૂન્દના કેટલાક સેવાભાવિ લોકોને ભોજન પિરસવામાં આવ્યું હતું. આકરૂન્દ હાઈસ્કુલના આંગણે પધારેલા ક્વોરી ઉદ્યોગપતિ જ્યંતિભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ અને તેમના પરિવારનો આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, ઉપપ્રમુખ મહેશભાઈ એચ. પટેલ, દિનેશભાઈ એચ. પટેલ, મંત્રી હસમુખભાઈ એન. પટેલ, શાળાના આચાર્ય જે.ડી.ભાટી, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ તથા શાળા સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પટેલ પરિવાર દ્વારા તમામ બાળકોને ભોજન પીરસવામાં આવ્યું હતું.

### માંગણીઓ ન સંતોષાતાં તલાટી કમ મંત્રીઓએ મોરચો માંડ્યો

## જિલ્લાના ૪૭૩ તલાટી કમ મંત્રીઓએ પંચાયતની ચાવી-સિક્કા એસોસીએશન પ્રમુખ-મંત્રીને સોંપ્યા

### પ્રથમ દિવસે ૮૩ ગ્રામ પંચાયતોમાં કામગીરી ઠપ્પ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૩

૫ વર્ષની ફિક્સ પગારની નોકરી સળંગ ગણવી, મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા સહિતના અનેક પડતર મુદાઓનો ઉકેલ ન આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮૩ ગ્રામ પંચાયતોના ૪૭૩ તલાટી કમ મંત્રીઓ મંગળવારથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવાની સાથે રાજ્ય એસોસીએશનની સૂચના મુજબ તાલુકા એસોસીએશનના પ્રમુખ-મંત્રીને તાબાની ગ્રામ પંચાયતની ચાવી અને સિક્કા સુપ્રત કરતાં ગ્રામ પંચાયતોમાં કામગીરી ઠપ્પ થઈ છે. એક ત્યાં સુધી તલાટી કમ મંત્રીઓએ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવાનો નિર્ણય લઈ રાજ્ય અરવલ્લી જિલ્લા તલાટી એસોસીએશનના પ્રમુખ વિરેન્દ્ર પટેલ, મહામંત્રી ગોપાલ જે. પટેલે જણાવ્યું કે પગાર ધોરણ પરીક્ષા પાસ કરવાની શરતોએ પાત્રતા તારીખથી મંજુર કરવા, પંચાયત વિભાગ સિવાયની

**અચોક્કસ મુદતની હડતાલ પરંતુ હરઘર તિરંગા કાર્યક્રમમાં સામેલ થશે..**

સરકાર દ્વારા તલાટી કમ મંત્રીઓની પડતર માંગને નહીં સંતોષવાના કારણે તા. ૨ ઑગષ્ટથી જિલ્લાના ૪૭૩ તલાટી કમ મંત્રીએ અચોક્કસ મુદતની હડતાલનું રણશિંગુ ફૂંકતાં પ્રથમ દિવસે તમામ પંચાયતોમાં કામગીરી ખોરંભે પડી હતી. હડતાલના કારણે જન્મ-મરણ નોંધણી, આવક દાખલા સહિતની ૨૨ થી વધુ કામગીરીઓ ઠપ્પ થઈ ગઈ હતી પરંતુ તલાટી કમ મંત્રી એસોસીએશન દ્વારા ડિઝાસ્ટર અને તા.૧૩ થી ૧૫ ઑગષ્ટ દરમ્યાન હરઘર તિરંગા કાર્યક્રમમાં સામેલ થવાની ઘોષણા કરી છે.

| જિલ્લા | ગ્રામ પંચાયતો... | જિલ્લા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી |
|---|---|---|
| સાબરકાંઠા | ૫૧૨ | ૨૭૭ |
| અરવલ્લી | ૩૨૪ | ૧૯૬ |

એસોસીએશન દ્વારા તમામ જિલ્લાના એસોસીએશનને આદેશ કરવામાં સરકાર સમક્ષ લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે એસોસીએશન અન્ય વિભાગની વધારાની કામગીરી નહીં સોંપવા, સર્કલ ઈન્સ્પેક્ટર વર્ગ-





તરફ ચોમાસુ અને ગ્રામ પંચાયતના મુખ્ય કર્મચારીઓની હડતાલના કારણે સરકારી કામગીરીને વ્યાપક અસર શરુ થઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય તલાટી મહામંડળની બેઠક મળ્યા પછી પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી જેમાં પ્રમુખ ૫ પ્રશ્નોનો સરકાર સમક્ષ બેઠકોના દોર પછી પણ ઉકેલ ન આવતાં કર્મચારી એસોસીએશનમાં રોષ જોવા મળ્યો હતો. જેથી પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવે આવ્યા હતા જે મુજબ મંગળવાર સવારથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૧૪ તાલુકાની ૮૩ ગ્રામ પંચાયતોના તલાટી કમ મંત્રીઓ તાલુકા મથકે હાજર થઈ એસોસીએશનના જવાબદાર હોદ્દેદારોની પોતાના તાબાની ગ્રામ પંચાયતના તાળાંની ચાવી અને સિક્કા જમા કરાવી ધરણાં સહિતના કાર્યક્રમોમાં બેસી જતાં પંચાયતી કામગીરી ગણતરીના કલાકોમાં ઠપ્પ થઈ ગઈ હતી. મારફતે લડત ચલાવતા આવ્યા છીએ પરંતુઠાલાં આશ્વાસનો મળે છે. તા. ૨ ઑગષ્ટથી એસોસીએશન મારફતે મળેલી સૂચના મુજબ જિલ્લાના તમામ તલાટી કમ મંત્રી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરી ગયા છે. વર્ષ-૨૦૦૪-૫ ની ભરતીના તલાટી કમ મંત્રીઓને ૫ વર્ષની ફિક્સ પગારની નોકરી સળંગ કરી આપવી. ૧ જાન્યુઆરી-૨૦૧ પછી મળવાપાત્ર પ્રથમ અને બીજા ૩ ની જગ્યાઓની વિસ્તરણ અધિકારી(પંચાયત) વર્ગમાં ૬ વર્ષ અગાઉ અપડેટ કરવામાં આવી ત્યાર પછી મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાના પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી, રેવન્યુ તલાટીને પંચાયત તલાટીમાં મર્જ કરવા કાં તો જોબચાટ અલગ કરવા સહિતની મુખ્ય ૫ રજૂઆતોનો સરકાર દ્વારા નિવેડો ન આવતાં છેવટે અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવાનો નિર્ણય લેવાયો છે.

## "ED ની તપાસ ભાજપ વિરોધી દળ ઉપર જ કેમ?? સવાલ કોંગ્રેસ પ્રવક્તાનો અને જવાબ જનતાનો...."

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૩

આજકાલ ED ભ્રષ્ટ નેતાઓ માટે માથાનો દુખાવો બની ગઈ છે, કોંગ્રેસના શાસન દરમ્યાન ઘઠિત થયેલી આ મની લોન્ડરિંગ વિરોધી સંસ્થાનો ગાળિયો ખુદ કોંગ્રેસ અને તેને પડખે ઉભેલી રાજકીય પાર્ટીઓના ગળામાં જ ફસાઈ ગયો!! રાષ્ટ્રના કાનૂનનો યોગ્ય ઉપયોગ અત્યારે થઈ રહ્યો છે ત્યારે જેમના ગળામાં આ ઈડી નો ફંદો આવીને ભરાયો છે અને તેમનામાં ગભરાહટ જોવા મળી રહી છે... ટીવી ચેનલ ઉપર પ્રશ્નોત્તરીમાં આવા ભ્રષ્ટ નેતાઓના પક્ષના નેતાઓ જોડે કોઈ જવાબ નથી તો ઉલ્ટાના એવો પ્રશ્ન કરતા નજરે પડે છે કે ઈડી ની તાપસ સિર્ફ ભાજપ વિરોધી દલના નેતાઓ ઉપર જ કેમ??

ડીબેટમાં ભાગ લેનાર નેતાઓને આ જવાબ ભાજપ આપે તે પહેલા દેશની પ્રબુદ્ધ જનતા આપી રહી છે અને તે હું હરતા ફરતા મારા સર્વેમાં સાંભળી રહ્યો છું તે જબાવ ભાજપે પણ સાંભળવો જોઈએ અને કોંગ્રેસ તેમજ તેમના સાથી પક્ષ સૌએ સાંભળવો જોઈએ... જનતા જનાર્દન એ દર્પણ છે અને તેમના પ્રતિબિંબમાં સૌ રાજકીય પક્ષની છબી દેખાઈ આવે છે... આજની તારીખમાં જનતા ઈડીની સરાહના કરી રહી છે અને એવું ઈચ્છી રહી છે કે ભ્રષ્ટાચાર કરનાર કોઈપણ નેતાઓને આ ઈડી એ છોડવા ના જોઈએ અને બરાબરના સંકજામાં લે કારણકે આ ભ્રષ્ટ નાણું તેમનું નહિ પણ દેશનું છે અથવા દેશની જનતાનું છે.... જનતાનું એ પણ માનવું છે કે આ ઈડી તપાસ કરે છે તો તેનો ભય શા માટે રાહુલને, સોનિયાજીને કે પાર્થ ચેટરજી કે પછી સંજય રાઉતને સતાવી રહ્યો છે? તમે ખોટા ના હોવ તો ડરવાની ક્યાં જરૂર છે??

અને રહી વાત કે ભાજપના કોઈ નેતાઓ કે મંત્રીએ ભ્રષ્ટાચાર કર્યો હોય તો તેમનું પણ નામ આપો, શંકા હોય અથવા વાતમાં દમ હોય તો ઈડી ને જાણ કરો અને દબાણ કરો તો ભાજપના નેતાઓના ઘરે પણ ઈડી પહોંચી જશે... કારણકે ઈડી આવી તપાસ કરવા માટે સ્વતંત્ર છે!! પરંતુ ઈડી ની તપાસ ઉપર સવાલ ના ઉઠાવવો જોઈએ તથા સત્તાધારી ભાજપ પક્ષના કોઈ નેતા કે મંત્રી ભ્રષ્ટ હોય તો તેમને ત્યાં ઈડીની તપાસ થાય તેવું જોર આપો... જનતા ઈડી ની તપાસ અને શંકાના દાયરામાં રહેલા ભ્રષ્ટ નેતાઓના ઘરે છાપામારીથી ખૂબ ખુશ છે!! જનતા ઈચ્છી રહી છે કે વિપક્ષ હોય કે સત્તાધારી પક્ષ હોય કોઈપણ ભ્રષ્ટ નેતાઓને છોડવામાં ના આવે!! સોનિયા ગાંધી કે રાહુલ ગાંધી ભગવાન નથી અને ત્યાં પણ ઈડી જતી હોય અને તેઓ સાચા હોય તો ડરવાની ક્યાં જરૂર છે?? એમને ત્યાં ઈડી શા માટે છાપો મારવા જાય અને તેમને બચાવવા રસ્તા ઉપર બેસી જનાર નેતાઓને ભારતની જનતા કડક શબ્દોમાં વખોડી રહી છે!!

ભારતની જનતા ખુલે ખુલ્લું બોલવાની હિમ્મત નથી કરતી, પરંતુ જનતાના આત્માને એક થર્ડ અમ્પાયર બનીને ઢંઢોળવામાં આવે તો બહુજ શાણપણથી દેશની જનતાના દિલનો આવાઝ કે ધબકાર કહે છે "વેલડન ED, ગુડ જોબ ED" !!ઈડીને એનું કામ કરવા દેવું જોઈએ એવું મારા સર્વેમાં જનતાના મોઢે સાંભળવા મળ્યું... બહૂજ ચોંકાવનારું પણ જનતાનું એ પણ માનવું છે કે કોંગ્રેસ અને સાથી પક્ષના નેતાઓ ઉપર તેમના નેતૃત્વનો ડર નહોતો એટલે ત્યારે એમના શાસનમાં ખૂબ ભ્રષ્ટાચાર થયો છે...

ભાજપમાં કેટલાક ભ્રષ્ટ લોકો સત્તામાં ભૂલથી આવી ગયા હશે પણ તેમને મોદીજીનો ડર ચોરી કરતા અટકાવે છે તેવું મારું નહિ પણ મારા એક હજારથી વધુ લોકોના સર્વે અને નિવેદનો પછી તેમના આવા ઉદગાર નીકળે છે!! ભારતના સંવિધાનને આ નેતાઓ કે રાજકીય પક્ષ સન્નમાન આપે છે પણ જો સંવિધાન અને કાનૂન તેમના ગળામાં ફંદો નાખે તો સત્તાધારી પક્ષનું કરતૂત છે એવું બોલીને પોતાને ક્લીનચીટ આપવાની કોશિશ કરે છે તેવા નેતાઓ અને તેવા તમામ રાજકીય પક્ષની પણ જનતા ભારોભાર નિંદા કરતી મને મારા અંગત સર્વેમાં જોવા મળ્યું

## રાજસ્થાની મહિલા માટે શામળિયાના દર્શન અંતિમ બન્યા : પતિની આંખો સામે પત્નીને પુલ નજીક કારે ટક્કર મારતા ઘટના સ્થળે મોત

મોડાસા, તા. ૩

સુપ્રસિદ્ધ શામળાજી યાત્રાધામમાં રાજસ્થાનના ૫ યાત્રાળુઓ દર્શન કરી પરત ઘરે ફરતા બ્રિજ નજીક રોડ ક્રોસ કરવા જતા કારે મહિલાને




ટક્કર મારતા મહિલાનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માત સર્જી કાર ચાલક કાર ઘટનાસ્થળે મૂકી ફરાર થઇ ગયો હતો અકસ્માતની ઘટનાના પગલે શામળાજી પોલીસ તાબડતોડ પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી પતિની આંખો સામે મહિલાનું મોત નિપજતા હૈયાફાટ રૂદન કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. રાજસ્થાન બાંસવાડાના ઘડી તાલુકાના ચંદનપુર ગામના શાંતિબેન તેમના પતિ અને અન્ય લોકો સાથે શામળાજી મંદિરમાં શામળિયાના દર્શનાર્થે આવ્યા હતા દર્શન કરી મંદિરથી ઘરે જવા રોડ પર પહોંચી બ્રિજ નજીક રોડ ક્રોસ કરવા જતા પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે શાંતિબેન ને ધડાકાભેર ટક્કર મારતા મહિલા રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટતા ટ્રાફિકજામ સર્જાયો હતો. અકસ્માતની ઘટનાના પગલે શામળાજી પોલીસ સ્થળે પહોંચી ટ્રાફિક પૂર્વરત કરાવી મૃતક મહિલાના મૃતદેહને પીએમ માટે ખસેડી કાર ચાલક સામે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## મોડાસા ગ્રામ્ય પોલિસની નાક નીચે ધમધમતા દારૂના અડ્ડાઓ... શિણાવાડ પંચાયતે પત્ર લખી અડ્ડા બંધ કરવા આજીજી કરી




મોડાસા, તા. ૩

બોટાદ જિલ્લામાં લઠ્ઠાકાંડની ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી દીધી છે ત્યારે દેશી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે સામાજિક સંસ્થાઓ અને પંચાયતના હોદ્દેદારો આગળ આવી રહ્યા છે. પણ પોલિસ કેમ કોઇ કાર્યવાહી નથી કરતી તે સવાલ લોકો કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં પણ દેશી દારૂની હાટડિયાઓ ધમધમી રહી છે, પણ પોલિસ કેમ યોગ્ય કાર્યવાહી નથી તેના પર સવાલો ઉઠી રહ્યા છે. મોડાસા તાલુકાના શીણાવાડ પંચાયત વિસ્તારમાં દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જેને લઈને પંચાયતે પોલિસને પત્ર લખીને અડ્ડાઓ બંધ કરાવવા આજીજી કરી છે. પંચાયતે લખ્યું છે કે, શીણાવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં દેશી દારૂની હાટડિયો મોટા પ્રમાણમાં ચાલી રહી છે, જેથી નાની ઉંમરમાં લોકો બિમારીનો ભોગ બની જતાં હોય છે. આ સાથે જ દેશી દારૂનું પ્રમાણ વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવતું હોવાથી તાત્કાલિક ધોરણે દેશી દારૂના અડ્ડાઓ બંધ કરવામાં આવે તેવી માંગ છે.